# નિષ્ણાતોના વક્તવ્યો

**25** ઓગસ્ટ **2023** ને શુક્રવારના રોજ કિસાન માધ્યમિક વિદ્યાલય માં નિષ્ણાતોના વક્તવ્ય અંતર્ગત બાળ લગ્ન પ્રતિબંધિત અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી મહીસાગર શ્રીમતી ભાર્ગવી બેન નીનામા બાળ સુરક્ષા અધિકારી શ્રી જીગ્નેશભાઈ પંચાલ સાહેબ અને લીગલ એડવાઈઝર સતિષભાઈ પરમાર સાહેબને શાળામાં આમંત્રિત કરવામાં આવ્યા હતા લીગલ એડવાઈઝર શ્રી સતિષભાઈ પરમાર સાહેબે શાળાના બાળકોને બાળ અધિકારો થી વાકેફ કર્યા હતા બાળકની વ્યાખ્યાથી માંડીને બાળકોને કયા કયા અધિકારો આપવામાં આવે છે અને એ અધિકારનો પાલન માતા-પિતા અને સમાજે કેવી રીતે કરવાનું હોય છે અને જો તેનું ઉલ્લંઘન થાય તો તેના માટે કેટલા કેટલા પગલાં અને કયા કયા કાયદા હેઠળ તેને રક્ષણ આપવામાં આવે છે તેની સમગ્ર માહિતી પૂરી પાડી હતી ત્યારબાદ બાળ સુરક્ષા અધિકારી જીગ્નેશ પંચાલ સાહેબે પોકસો એક્ટની ખૂબ જ ઝીણવટભરી માહિતી આપી બાળકોમાં અને સમાજમાં જાગૃતતા અને બાળકો નિર્ભય બને તથા સાથે સાથે દેશ નશામુક્ત બને તે માટે બાળકોમાં અને સમાજમાં કોઈપણ પ્રકાર નું વ્યસન ન બને તે માટે ખૂબ જ માહિતી પૂરી પાડી હતી .અને સાથે સાથે આપણો દેશ નશા મુક્ત બને ,વ્યસન મુક્ત બને તે માટે તેમણે બાળકોને સંકલ્પ લેવડાવ્યો હતો ,અને છેલ્લે જિલ્લા સુરક્ષા અધિકારી શ્રીમતી ભાર્ગવીબેન નીનામા મેડમ દ્વારા બાળકોને સાંપ્રત સમયમાં પ્રવર્તતા સામાજિક દુષણો અને વ્યસન વિશે માહિતી આપી હતી તદુપરાંત બાળ લગ્ન પ્રતિબંધિત કાયદાની માહિતી આપી હતી .તથા બાળકોમાં કુપોષણ નિવારણ કઈ રીતે કરવું જોઈએ ? બાળકોમાં ખૂબ પોષણ કેમ પેદા થાય છે? તેની સઘળી માહિતી તેમણે શાળાના વિદ્યાર્થીઓને આપી હતી. અને સાથે સાથે બાળકો નિર્ભય બને તે માટે હેલ્પલાઇન નંબર **112** અને એની સેવાઓ વિશે માહિતી આપી હતી અને કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો બાળકોને મૂંઝવતા પ્રશ્નો બાળકો દ્વારા પૂછવામાં આવ્યા હતા અને તેમની સમસ્યાઓનું સમાધાન નિરાકરણ અને યોગ્ય ઉત્તરો ઉપસ્થિત નિષ્ણાતોએ આપ્યા હતા અને સમગ્ર કાર્યક્રમ નું આયોજન શ્રી દિનેશભાઈ એચ વણકર દ્વારા કરવામાં આવ્યું હતું.




નશા મુક્ત ભારત અભિયાન




નશા મુક્ત ભારત અભિયાન
ઓ.કે.સી.સંકુલ